## "સડક સુરક્ષા જીવન રક્ષા"

**તારીખ:૨૦/૦૬/૨૦૨૨ ના રોજ ૫.૦૦ કલાકે કલેક્ટરશ્રી, અમદાવાદના અધ્યક્ષતામાં મળેલ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠકની કાર્યવાહી નોંધ:-**

બેઠકની શરુઆતમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અમદાવાદનાઓએ બેઠકમાં ઉપસ્થિત તમામ વિભાગના અધિકારીઓને આવકારેલ અને ત્યારબાદ કલેક્ટરશ્રીની પરવાનગીથી અમદાવાદ રોડ સેફટી કાઉન્સીલ વર્ષ ૨૦૨૨ની દ્વિતિય બેઠકની શરુઆત કરેલ. આ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ.

| અ.નં. | અધિકારીશ્રીનું નામ | હોદ્દો / કચેરી |
|---|---|---|
| ૦૧ | કનકસિંહ પરમાર | એ.આર.ટી.ઓ. અમદાવાદ, (પૂર્વ) |
| ૦૨ | જીતેન્દ્ર શાહી | પ્રોગ્રામ મેનેજર ૧૦૮ |
| ૦૩ | સતિંદ્ર સંધુ | ઇમરજન્સી મેનેજમેન્ટ એક્ઝેક્યુટીવ રુરલ ૧૦૮ |
| ૦૪ | મિલન શાહ | ઇમરજન્સી મેનેજમેન્ટ એક્ઝેક્યુટીવ રુરલ ૧૦૮ |
| ૦૫ | અમિત ખત્રી | રોડ સેફટી એક્ષપર્ટ |
| ૦૬ | પ્રણવ બારોટ | D G M (B R T S) |
| ૦૭ | ભાવેશ શાહ | Workshop (A M T S) |
| ૦૮ | જે.આર. રામી | ATS (G S R T C) |
| ૦૯ | એચ.ડી. પટેલ | DY.Ex.Eng. (NATIONAL HIGHWAY) |
| ૧૦ | અલ્પેશ ચાવડા | જે.પી.રીસર્ચ |
| ૧૧ | જે. એન. બારેવાડિયા | રોડ સેફટી એક્ષપર્ટ |
| ૧૨ | આર.એસ. સોલંકી | DY.Ex.Eng. (AUDA) |
| ૧૩ | ડી.બી. વણકર | એ.આર.ટી.ઓ. અમદાવાદ, (ગ્રામ્ય) બાવળા |

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ જણાવેલ કે સુપ્રિમ કોર્ટ કમિટી ઓન રોડ સેફ્ટીના દિશાનિર્દેશો મુજબ દરેક જિલ્લા માર્ગ સલામતી સમિતીએ દર ૧૫ દિવસે Virtual Platform ઉપર (પખવાડીક ધોરણે)એક વાર અને offline દર માસે એક વાર માર્ગ સલામતીની બેઠક યોજવાની રહેશે. આ બેઠકની કાર્યવાહી નોંધ બેઠકના ૪૮ કલાકમાં Morth ના web portal ઉપર અચુક મુકવાની રહેશે. (કાર્યવાહી – આર.ટી.ઓ.)

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ તમામ હાજર રહેલ અધિકારીશ્રીઓને જણાવેલ કે ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ ૨૦૨૨ – ૨૩માં નોમિનેશનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ (૧) સ્વૈચ્છિક વ્યક્તિ, (૨) સંસ્થાઓ (સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔધોગિક) (૩) સીટી અને ડિસ્ટ્રીક્ટ રોડ સેફટી કમિટી એમ ત્રણ કેટેગરીમાં ભાગ લઇ શકે છે.આથી નિયત સમયમર્યાદામાં તા. ૦૫/૦૭/૨૦૨૨ પહેલા નોમિનેશન ફોર્મ ભરી રોડ સેફટી કમિશ્નરશ્રીની કચેરી, પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર ૧૮, ગાંધીનગર ૩૮૨૦૦૭ મોકલી આપવું. (તમામ વિભાગ)

માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રિય ધોરી માર્ગને ગત બેઠકમાં સુચવેલ કામગીરી બાબત કલેક્ટરશ્રી દ્વારા પુછતાં કામગીરીનું વિગતવાર પ્રેઝન્ટેશન આવતી મીટીંગમાં રજૂ કરવામાં આવશે તેમ તેમના પ્રતિનિધી દ્વારા જણાવેલ છે. (કાર્યવાહી - માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રિય ધોરી માર્ગ)



Scanned with Oken Scanner

અધ્યક્ષશ્રીએ જણાવેલ કે ખેડા માતર પાસે અંડર પાસ સાફ કરાવી લાઇટ મુકવા ગત બેઠકના સુચન ઉપર કામગીરી પૂર્ણ કરી આગામી બેઠકમાં અહેવાલ રજૂ કરવો. (કાર્યવાહી - માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રિય ધોરી માર્ગ )

અધ્યક્ષશ્રીએ જણાવેલ કે ધંધુકામાં બ્રીજનો ઇસ્યુ હોઇ ત્યા બહુ લાંબી લાઇનો લાગે છે.જે ઇસ્યુ બાબતે આગામી બેઠકમાં રેલ્વે વિભાગના અધિકારીશ્રીને હાજર રહેવા સુચન કરેલ છે. (કાર્યવાહી – આર.ટી.ઓ., રેલ્વે વિભાગ)

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ અમદાવાદ રાજકોટ હાઇવે બને છે ત્યાં રોડનું લેવલીંગ યોગ્ય નથી, જેથી વાહનનું બેલેંસ જતુ રહેતા રાત્રીના સમયે અકસ્માત થવાની શક્યતા વધુ છે. જેથી રોડનું યોગ્ય લેવલ કરવું તથા પ્રોપર ડિવાઇડર લગાવવા સૂચન કરેલ છે.આ બાબતે અગાઉ બે મીટીંગમાં ચર્ચા થયેલ હોઇ આગામી બેઠકમાં આ બાબતના અહેવાલ સાથે હાજર રહેવા જણાવેલ છે. (કાર્યવાહી - માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રિય ધોરી માર્ગ )

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ જણાવેલ કે આર.ટી.ઓ અમદાવાદ દ્વારા લાયસન્સ ધારકની જગ્યાએ અલ્ટર્નેટ નંબર પ્રિન્ટ કરવા તથા ઓર્ગન ડોનરના ઓપરેશનને વધુ ભાર આપવા બાબતે વડી કચેરીને સુચન મોકલેલ છે. જે બાબતમાં અધ્યક્ષશ્રી દ્વારા ફોલોઅપ લેવા જણાવેલ . (કાર્યવાહી – આર.ટી.ઓ.)

ગત બેઠકની કાર્યવાહી નોંધ મુજબ માર્ગ અને મકાન વિભાગ દ્વારા અકસ્માત સંભવિત વિસ્તારોનું સર્વે કરાવી કુલ ૪૪માંથી ૧૮ જગ્યામાં કરવાપાત્ર સુધારા કરેલ છે. જેમાંથી બાકી રહેલ જગ્યાઓ ઉપર કામગીરી કરી અહેવાલ રજૂ કરવા અધ્યક્ષશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે. (કાર્યવાહી - માર્ગ અને મકાન વિભાગ)

અધ્યક્ષશ્રી દ્વારા જણાવેલ કે ડી.ઇ.ઓ. અને ડી.પી.ઇ.ઓ. સાથે બેઠકનું આયોજન કરવું અને શાળાના બાળકોની સલામતી બાબતે સેમીનાર ગોઠવવો કે જેમાં તમામ શાળાના પ્રિન્સીપાલશ્રીઓને હાજર રાખવા. (કાર્યવાહી -- આર.ટી.ઓ.)

અધ્યક્ષશ્રીએ G.S.R.T.C.ના હાજર રહેલ અધિકારીને જણાવેલ કે આપના ડ્રાઇવર સાથે મીટીંગ કરી જિલ્લાના માર્ગો બાબતે જરુરી સુચનો મંગાવવા અને આગામી બેઠકમા અત્રે સુચનો રજૂ કરવા. (કાર્યવાહી -- G.S.R.T.C)

શ્રી અમિતભાઇ ખત્રીના જણાવ્યા મુજબ આગામી સમયમાં વરસાદની સીઝન હોઇ G.S.R.T.Cની બસોની હેડ લાઇટ, ટેઇલ લાઇટ તેમજ વાઇપર ચાલુ ન હોય,તો અકસ્માત થવાની સંભાવના રહે છે.આ બાબતે અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું એસ.ટી.બસના ડ્રાઇવરોનો રોડ સેફ્ટી અંગે સેમીનાર કરવો તથા તે અંગે ડોક્યુમેન્ટેશન આવતી મીટીંગમાં રજૂ કરવા. (કાર્યવાહી – G.S.R.T.C)

૧૦૮માંથી હાજર રહેલ અધિકારીશ્રી એ જણાવેલ કે, પ્રિમોન્સૂન કામગીરી બાબત તેમના દ્વારા તેમના તમામ ૧૦૮ના વાહનોની હેડ લાઇટ, ટેઇલ લાઇટ તેમજ વાઇપર ચેક કરવામાં આવેલ છે. અધ્યક્ષશ્રીએ તેમને રોડ સેફ્ટી બાબતે કરેલ પ્રોગ્રામના દસ્તાવેજો આગામી બેઠકમાં રજૂ કરવા જણાવેલ. (કાર્યવાહી – ૧૦૮ ટીમ)

અધ્યક્ષશ્રી ૧૦૮ ટીમના અધિકારીશ્રીને જણાવેલ કે જિલ્લા લેવલે વેબ સાઇટ લોંચ કરવામાં આવેલ છે જેમાં હેવી ટ્રાફિક સમયમાં કયા રસ્તા ઉપર વધુ સરળતાથી મુવમેન્ટ થઇ શકે તેમ છે તથા કયા P.H.C. સેન્ટરને સરળતાથી કોન્ટેકટ થઇ શકે તેમ છે તે માહિતી મળી શકે તેમ છે આ વેબ સાઇટનો ઉપયોગ કરવા ૧૦૮ને જણાવેલ છે. (કાર્યવાહી – ૧૦૮ ટીમ)



Scanned with Oken Scanner

શ્રી જે.એન.બારેવાડીયા દ્વારા જણાવેલકે, હાઇવે ઉપર હેવી વાહનો ખોટી લેનમાં ચાલતાં હોય છે,જેમને ડાબી લેનમાં ચલાવવા જાગ્રુત કરવા જરુરી છે. તેમના દ્વારા જણાવેલ કે આ બાબતે જરુર પડે કોઇ એક માર્ગ ઉપર ઉદાહરણરૂપ ખોટી લેનમાં ડ્રાઇવ કરતા ડ્રાઇવરના ડ્રાઇવીંગ લાયસન્સ સસપેન્ડ કરી શકાય. અધ્યક્ષશ્રીએ આ બાબતે જાગ્રુતી લાવવાથી વધુ અસરકારકતા આવશે તેમ જણાવેલ છે.આથી યોગ્ય લેનમાં ડ્રાઇવીંગ કરવાના "ગુજરાતી હિન્દી બન્ને ભાષામાં હોર્ડીગ્સ નેશનલ હાઇવે ઉપર મુકવા સુચન કરેલ. (કાર્યવાહી - માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રિય ધોરી માર્ગ )

શ્રી અમિતભાઇ ખત્રીના જણાવ્યા મુજબ જે તે વિસ્તારમાં રહેતા માણસ ત્યાંના રસ્તામાં સુધારાની રજુઆત કરી શકે છે. આથી આ બાબતે નાના નાના ગામડા લેવલ ઉપર પંચાયતમાં સરપંચશ્રીને રોડ સેફટી માટે તે ગામના વોલીયેન્ટર બનાવી શકાય, જેથી ગામના માર્ગમાં સુધારા માટે ભલામણ કરી શકે છે.આ બાબતે આગામી બેઠકમાં DY.D.D.O.ને હાજર રાખવા અધ્યક્ષશ્રીએ સુચન કરેલ છે. (કાર્યવાહી – આર.ટી.ઓ.)

આમ, ઉપરોક્ત મુદ્દા ઉપર ચર્ચા કરી ઉપસ્થિત વિભાગના કોઇ સુચનની રજૂઆત હોય,તો રજૂ કરવા જણાવેલ, પરંતુ કોઇ રજૂઆત થયેલ નહિ. ત્યારબાદ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓનો આભાર વ્યક્ત કરી અધ્યક્ષશ્રીની પરવાનગીથી મીટીંગ પૂર્ણ જાહેર કરેલ.

સભ્ય સચિવ
અને
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
સુભાષબ્રીજ, અમદાવાદ.

કલેક્ટરશ્રી અને અધ્યક્ષ
જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સીલ,
અમદાવાદ.

તા.૨૧-૦૬-૨૦૨૨
જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલ, અમદાવાદ.
નં.રોડ સેફ્ટી/મોવાનિ/જિરોસેકા/ /૨૦૨૨

પ્રતિ,
સંબંધિત તમામ અધિકારીશ્રી.................................................(ઉપર મુજબ)
............................................................ કચેરી,
............................................................

નકલ સવિનય રવાના :
૧. મે.વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ .........જાણ સારુ.
૨. કમિશ્નરશ્રી, રોડ સેફ્ટી ઓથોરીટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ .........જાણ સારુ.

D:VISHAL/ROAD SAFETY/42

Scanned with Oken Scanner